# જાગૃતિ અને જાગતિક ચેતનાનો પરિચય આપતા વિલક્ષણ નિબંધો |

## ડૉ. ઇલિયાસ આખલી

[**'પરિપ્રશ્ન'** : લે. પ્રવીણ દરજી (નિબંધસંગ્રહ), રન્નાદે પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫]

કવિતા, વિવેચન, સંશોધન, અનુવાદ, શિક્ષણ, હાસ્ય, ભ્રમણવૃત્ત અને બાળસાહિત્ય જેવાં ક્ષેત્રોમાં માતબર પ્રદાન કરી ચૂકેલા પ્રવીણ દરજી પુરસ્કારાયા – પોંખાયા અને પ્રજાપ્રિયતા પામ્યા હોય તો તે નિબંધકાર તરીકે. એમની ગરવી ચિંતનશીલ પ્રતિભા સૌથી વધુ નિબંધના સ્વરૂપમાં ખીલી અને ખૂલી છે. 'વેણુરવ' અને 'દર્ભાંકુર' નિબંધસંગ્રહો ગુજરાતી સાહિત્યના અપૂર્વ નિબંધસંગ્રહો તરીકે પોંખાયા છે. 'પરિપ્રશ્ન' પણ એ જ શ્રેણીમાં મૂકી શકાય એવો નિબંધસંગ્રહ છે. ભૂમિકામાં લેખકે સ્વયં સ્પષ્ટ કહ્યું છે કે, ''આ લલિત- નિબંધો નથી, અહીં ચિંતનપ્લાવિત ઊર્મિ અને ઊર્મિપ્લાવિત ચિંતનનું મિશ્રણ છે.''

વિષયવૈવિધ્યની દૃષ્ટિએ જોઈએ તો અહીં ભાષા, અધ્યાત્મ, વિભૂતિવિશેષ અને યાત્રાવૃત્ત / સ્થળવિશેષ જેવા વિષયો પર લખાયેલા નિબંધો સાંપડે છે. ૩૨ નિબંધોમાં ગ્યુન્ટર ગ્રાસ, ડિકન્સ અને 'દેવદાસ' (નવી) ફિલ્મ નિમિત્તે શરદચંદ્ર જેવા સાહિત્યકાર અને તેમના સૃજન-ચિંતનની મીમાંસા પણ છે. આ બધા જ નિબંધોમાંથી લેખકનું જાગતિક અને જાગૃત વ્યક્તિત્વ તો પ્રગટ થાય જ છે. સાચો 'લોકજ્ઞ' સર્જક પોતાની આસપાસની સામ્પ્રત ઘટનાઓ વિશે કેટલો સભાન, સજાગ અને ચિંતિત હોય છે તેની પ્રતીતિ પણ સમલૈંગિક સંબંધોના ચિત્રણવાળી હિન્દી ફિલ્મ 'ગર્લફ્રેન્ડ' વિશે લખાયેલા ચિંતનસભર નિબંધમાંથી સાંપડે છે.

સંગ્રહમાં સૌથી વધારે રસપ્રદ છે રમણમહર્ષિ, બુદ્ધ અને મહાવીર, કૃષ્ણ અને રામ, રજનીશ તથા વિદુરજી વિશેના નિબંધો. પ્રાચીન ભારતીય સંસ્કૃતિથી લઈને રજનીશ જેવા પૂર્ણ આધુનિક – ક્રાંતિકારી મહાત્મા જેવાની વિચારધારા, તેની સામ્પ્રત ઉપાદેયતા અને તેમના વિચારોમાંથી પ્રગટતી નિતાંત ભારતીયતા વિશે લેખકે કરેલી ગવેષણા તેમને વિદગ્ધ સર્જક અને પૂર્વસૂરિઓના વિચારોનું વહન-જતન કરી જાણતા સંપ્રજ્ઞ કલાકાર તરીકે ઉપસાવી આપે છે. વિશ્વભરની સંસ્કૃતિઓમાં સૌથી પ્રાચીન અને મોખરાની ગણાતી ભારતીય સંસ્કૃતિના ધુરાવાહકોની વિચારધારાએ વિશ્વને દિશાદર્શન આપ્યું છે. તે પરત્વે આપણને પુનઃ સભાન કરતા આ સર્જક આ મહાત્માઓના સિદ્ધાંતો અને સમ્પ્રત્યયોને નિર્ભર ઢબે આપણા સુધી પહોંચાડી આપે છે અને તેમની પ્રજ્ઞા પ્રત્યે ઇંગિત કરી લલિતનિબંધના સ્વરૂપની સીમાઓમાં બદ્ધ રહીને પણ ઊર્મિ-ચિંતનનું રસાયન રચી આપે છે.

લલિતનિબંધ મૂલતઃ આત્મનેપદી સ્વરૂપ હોવા છતાં લેખક જ્યાં પ્રથમ પુરુષ એકવચનમાં ગોષ્ઠિ કરે છે ત્યાં તેમનો 'હું' બહુધા ગૌણભાવે, સર્વજ્ઞ કથનની ભૂમિકાએ જ રહ્યો છે, તેથી અખરતો નથી. સ્વરૂપ પરત્વેની આ સભાનતા લેખકના પ્રધાનગૌણવિવેકનો પરિચય આપે છે. ઉદાહરણ જોઈએ :

''સવાર પડે છે અને કેલેન્ડરનું એક પત્તું ફાડું છું. મન ગણતરી કરે છે આ મહિનાનો એક દિવસ ઓછો થયો. આજે એક નવા દિવસનો ઉદય થયો. બસ આવું દરરોજ એકધાર્યું બન્યા કરે છે. ક્યાંક જવાનું હોય, કશોક દિવસ નક્કી કરવાનો હોય ત્યારે પણ નજર પેલા કેલેન્ડર પાસે પહોંચી જાય છે. એમ દિવસ, માસ, વર્ષ, વર્ષો પસાર થતાં જાય છે. આને આપણે 'સમય' જેવું નામ આપી દઈએ છીએ, જે સમયને હું સ્પર્શી શકતો નથી, જે સમયને હું નિહાળી શકતો નથી અને છતાં એ સમય વિશે વારંવાર વાત કરવાનું બને છે. એનાં અમૂર્ત રૂપને પામવા નવાનવા પ્રયત્નો કરતો રહું છું. છતાં જુઓને, સમય તો દૂર, દૂર જ લાગે છે. જેટલો એને પ્રત્યક્ષ કરવા મથું છું એટલો એ અપ્રત્યક્ષ બનતો જાય છે. વીતેલી ક્ષણને આપણે 'ભૂતકાળ'નું નામ આપી દીધું, ક્રિયા થઈ રહી હોય એ ક્ષણને આપણે 'વર્તમાન' તરીકે ઓળખીએ છીએ અને થનાર ક્ષણને, આવનાર ક્ષણને 'ભવિષ્યકાળ'નું લેબલ મારી દઈએ છીએ. છતાં સમયને આવા ખાનામાં બાંધી શકાય ખરો ? સમયની આ રીતે ઓળખ આપી શકાય ખરી ? આ કે એવા પ્રશ્નો થયા જ કરે છે. સમય પોતે જ શું એક મહાપ્રશ્ન નથી ?'' (પૃ. ૧૦)

જોઈ શકાશે કે અહીં લેખક વ્યક્તિગત વાત કરતા હોવા છતાં આ સમગ્ર પરિચ્છેદમાંથી 'લેખક' કે લેખકનો હું (Ego) નહીં પણ સમયની મહત્તા અને મહત્ત્વ જ ઉજાગર થાય છે. લેખકની નિરૂપણશૈલીની આ વિશેષતા છે.

વિશ્વસાહિત્યનાં લેખકનાં અભ્યાસ, પરિશીલન અને વાચનનો પરિચય 'ગ્યુન્ટર ગ્રાસ અને માનવ', 'વસંતધર્મી ડિકન્સ' અને 'ઓ દેવદાસ !' નિબંધોમાંથી મળી રહે છે. વિશ્વસાહિત્ય અને ભારતીય સાહિત્યના મહાનતમ સર્જકોની કૃતિ અને વ્યક્તિત્વથી લેખક જે રીતે આપણને રૂબરૂ કરાવે છે તે પણ રસપ્રદ છે. ગ્યુન્ટર ગ્રાસની 'ધ ટીન ડ્રમ' નવલકથાનો લેખક થોડાં જ વાક્યોમાં પરિચય કરાવે છે ત્યારે દ્વિતીય વિશ્વયુદ્ધની વિભીષિકા અને નાઝી-યહૂદી સંઘર્ષનો રક્તરંજિત ઇતિહાસ ભાવકના ચક્ષુ સમક્ષ પસાર થઈ જાય છે. એ જ રીતે 'દેવદાસ' ફિલ્મ નિમિત્તે લેખક શરદબાબુના સાહિત્યનો અછડતો પરિચય કરાવી દેવદાસને નિષ્ફળ પ્રેમના પ્રતીક તરીકે સ્થાપે છે. અને દેવદાસની જેમ જ રઝળપાટભર્યું, અસ્થિર, અજંપાભર્યું જીવન જીવી ગયેલા શરદબાબુના વ્યક્તિત્વનો પણ પરિચય આપે છે. અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ અને તેમના વ્યક્તિત્વનો પરિચય આપતા 'વસંતધર્મી ડિકન્સ' નિબંધમાં ડિકન્સની અતિપ્રસિદ્ધ નવલકથાઓ વિશે લેખકે સંક્ષિપ્તમાં પણ રસપ્રદ વાત કરી છે.

અહીં નંદરબાર, પુણે અને કેદાર જેવાં સ્થળોનાં યાત્રાવૃત્તો પણ છે પરંતુ તે કેવળ પ્રવાસનવર્ણન નથી. પુણેની યાત્રા નિમિત્તે લેખક મહાન ચિંતક રજનીશ વિશે ચિંતન વ્યક્ત કરે છે તો 'કેદારમાં ગાળેલી રાત્રિ' નિબંધમાં વ્યક્તિગત અનુભવ, આસ્થા, આધ્યાત્મિકતા ઇત્યાદિનું આલેખન છે. 'નંદુરબારના ચોક વચાળે' નિબંધમાં મહારાષ્ટ્રના આ નાના નગરના ગુજરાતી સમાજ વિશે અને ૧૯૪૨ની લડતમાં શહીદ થયેલા ગુજરાતી તરુણો વિશે વાત કરતા લેખક આજના ભ્રષ્ટ નેતાઓ અને નિકૃષ્ટ રાજનીતિને કારણે તથા વ્યથા અનુભવીને આવા નવલોહિયાઓના બલિદાન એળે ગયા હોવાની લાગણી અનુભવે છે.

વિષયવૈવિધ્ય ઉપરાંત આ નિબંધોની બીજી વિશેષતા છે લાઘવ. સામાન્યતઃ નિબંધને કોઈ સુસ્પષ્ટ સીમાબદ્ધતા નથી, પરિણામે આ સ્વરૂપની કૃતિનો વિસ્તાર-પ્રસ્તાર લેખકના ઔચિત્યભાન અને વિવેકજ્ઞાન પર આધારિત હોય છે. આ સ્વરૂપ પર હથોટી મેળવી ચૂકેલા પ્રવીણ દરજી કથ્ય વિષયને સંક્ષિપ્તમાં, સંકેતાત્મક રીતે અને રસપ્રદ ઢબે નિરૂપવાનો કસબ જાણે છે, તેથી જ સંગ્રહના બધા નિબંધો રસપ્રદ, સુચારુ અને વિચારપ્રેરક બન્યાં છે.

આ નિબંધોમાંથી પ્રવીણ દરજીની સાંપ્રત ઘટનાઓ અને જિવાતા જીવન વિશેની જાગૃતિનો અને તેમની જાગતિક ચેતનાનો પરિચય સાંપડે છે.